GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# 'હેલ્લારો' માં વ્યક્ત થતી સામાજિક ચેતના

ડૉ. સંગીતા પટેલ

આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

## ❖ પ્રસ્તાવના :

માનવીની દૈનિક ક્રિયાઓ, સામાજિક ક્રિયા, સામાજિક આંતરક્રિયા વગેરે તેના સાંસ્કૃતિક સંદર્ભમાં થતી હોય છે એટલે કે સંસ્કૃતિ એ માનવજીવનનું મહત્ત્વનું આંતરિક પાસું છે. માનવીની ક્રિયાઓ, વર્તન, સંસ્કૃતિ દ્વારા દોરવાયેલું, માર્ગદર્શિત અને નિયંત્રિત હોય છે. સંસ્કૃતિ દ્વારા વ્યક્તિની સર્જનાત્મકતા વિવિધ સ્વરૂપે સમાજમાં વ્યક્ત થાય છે. દા.ત. અભિનય કલા, નૃત્ય, સંગીત, ગાયન, વાદન વગેરે. આ કલાઓનો લોકોના જીવનમાં કાર્યાત્મક મહત્વ રહેલું છે.

W.I.Thomas ના મતે લાગણીઓની અભિવ્યક્તિ એ કલાનું મહત્ત્વનું કાર્ય છે અને માનવીની જરૂરિયાત પણ છે. પ્રસ્તુત અભ્યાસલેખમાં 'હેલ્લારો' ફિલ્મમાં વ્યક્ત થતી સામાજિક ચેતના તપાસવાનો પ્રયાસ કર્યો છે. વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ તથા F.G.D.(Focus Group Discussion) ને આધારે માહિતીનું વિશ્લેષણ કર્યું છે.

## ❖ અભ્યાસના હેતુઓ :

- ફિલ્મના આધારે મહિલાઓના દરજ્જાનો અભ્યાસ કરવો.
- ફિલ્મના આધારે સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશનનું વિશ્લેષણ કરવું.
- ફિલ્મની સમકાલીન પ્રસ્તુતતા તપાસવી.

## ❖ અભ્યાસ પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં ફિલ્મની વાર્તા, બોલાયેલા સંવાદો, ગીતો વગેરેનો સામાજિક સંદર્ભ તપાસવા વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો પ્રયોગ કર્યો છે. ઉપરાંત M.Phil, Ph.D. ના વિદ્યાર્થીઓ સાથે ફિલ્મ જોયા બાદ F.G.D. (Focus Group Discussion) દ્વારા તેમનું પ્રત્યક્ષીકરણ તપાસવાનો પ્રયત્ન કર્યો છે. ૮૦ વિદ્યાર્થીઓનું ત્રણ જૂથોમાં વિભાજન કરી F.G.D. કરી છે.

## ❖ સંદર્ભ સાહિત્યની સમીક્ષા :

પ્રસ્તુત અભ્યાસ 'કલાના સમાજશાસ્ત્ર' સાથે સંકળાયેલો છે. ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈએ કલાનું સામાજિક વિશ્લેષણ પોતાના પુસ્તક 'કલાનું સમાજશાસ્ત્ર'માં વ્યક્ત કર્યા છે. કલા દ્વારા વ્યક્તિમાં એક પ્રકારની સામૂહિક સભાનતા વિકસે છે અને વ્યક્તિ પોતાની લાગણીઓ સર્જનાત્મક રૂપે સમાજ સુધી પહોંચાડી શકે છે. કલા એ સામાજિક પરિવર્તનનું પણ મહત્ત્વનું માધ્યમ છે.

મહાન ચિંતક અને શિક્ષણવિદ્ જહોન ડ્યુયી ના મતે,

'An art is a quality that permeates an experience, it is not, saved by a figure of speech, the experience itself. Aesthetic experience is always more than aesthetic.

શ્રીનિવાસનના મતે "કલા જીવનને સમૃદ્ધ બનાવે છે. તે જીવનને એક નવો અર્થ આપે છે. સાથે-સાથે જીવન અંગેની ઊંડી સમજ વિકસાવે છે તેમજ ખરા અર્થમાં જીવનનો અર્થ સમજાવે છે."

આર. કે. મુકરજી કલાના કાર્યોના સંદર્ભમાં જણાવે છે કે "કલા વ્યક્તિને બ્રહ્માંડના ભૂતપૂર્વ લય સાથે જોડે છે તથા વ્યક્તિ

https://www.gapbhasha.org/

પોતે પણ એનો જ એક ભાગ છે તે જરૂરિયાતને સંતોષે છે, અમર બનાવે છે. વ્યક્તિની માનસિક તાણ દૂર કરે છે, કલ્પનાશક્તિ વિકસાવે છે. પોતાની સંવેદનાઓ, સમજ કલાના માધ્યમથી વ્યક્ત કરી શકે છે.''

એડોલ્ફના મતે, "One of the fundamental principles of Marxist aesthetics is that, art is an essential sphere of human life."

## ❖ માહિતીનું વિશ્લેષણ :

પિતૃસત્તાક સમાજ અને સ્ત્રીનો દરજ્જો – ફિલ્મની શરૂઆત 'તલવાર' શબ્દથી થાય છે. એક નાની સાત થી આઠ વર્ષની દીકરી એની માતાને પ્રશ્ન પૂછે છે – જવાબમાં માતા તો કંઈ બોલતી નથી. પરંતુ પિતા આક્રમક સ્વરમાં બોલે છે. 'સમજાવી દે જે એને' - 'છોડીઓથી સવાલ ન પૂછાય' આ સંવાદથી જ એક રૂઢિચુસ્ત પિતૃસત્તાક સમાજનું ચિત્ર ઉપસી આવે છે જ્યાં સ્ત્રીની કિંમત નજીવી માત્ર છે. આ સંવાદના સંદર્ભમાં ઉત્તરદાતા જણાવે છે કે 'આજે પણ અમે ઘરમાં અમુક પ્રશ્નો નથી પૂછી શકતા અથવા ચૂપ રહેવાનું કહેવામાં આવે છે.'

શિક્ષણના સંદર્ભમાં જોઈએ તો લગ્ન કરીને આવેલી નવોઢા જે અનેક ઓરતાઓ મનમાં ભરીને લાવી છે, જેની પોતાના પતિ સાથેની પ્રથમ મુલાકાત થાય છે, એને એનો પતિ સખ્તાઈથી પૂછે છે 'કેટલું ભણી છું?' જવાબ આવે છે 'સાત ચોપડી'. સામે પતિ કહે છે 'સાંભળ્યું છે ભણેલી છોડીઓને પાંખો ફૂટે છે. તને પણ ફૂટી હશે.' 'પાંખો હોય કે શિંગડા જાતે કાપી નાંખજે. જો હું કાપીશ તો બહુ દુખશે.' મહિલા શિક્ષણ પ્રત્યેનો રૂઢિચુસ્ત દષ્ટિકોણ અને પુરૂષવાદી માનસ અહીં વ્યક્ત થાય છે. આ સંદર્ભમાં ઉત્તરદાતા જણાવે છે કે અમને ભણવાની છૂટ છે પરંતુ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે (એમ.ફિલ., પીએચ.ડી.) પતિ કહે એમ કરજો એવું કહેવામાં આવે છે એટલે કે આજે પણ ક્યાં સુધી ભણવું એ પુરૂષો નક્કી કરે છે.

'AISHE'ઑલ ઈન્ડિયા સર્વે ઑન હાયર એજ્યુકેશનના આંકડા આ બાબતને સમર્થન આપે છે. ૨૦૧૧માં ઉચ્ચશિક્ષણમાં યુવતીઓનું પ્રમાણ માત્ર ૨% છે.

જે મહિલાઓએ પોતાના ગામની દુનિયા સિવાયની બીજી દુનિયા જોઈ જ નથી તેમના માટે શહેર અને શહેરની ભણેલી યુવતી એ આશ્ચર્યજનક અને જીજ્ઞાસાવર્ધક બાબત છે. 'નવી-નવી પરણીને આવેલી મંજરી ને બીજી સ્ત્રીઓ પૂછે છે શહેર કેવું હોય, શહેરના માણસો કેવા હોય, છોડી ફટાફટ પાટીયું વાંચી જાય તો કેવી મજા આવે વગેરે.' અહીં એક યુવતી કહે છે 'શહેરની છે એટલે જબરી હશે.' જવાબમાં બીજી મહિલા કહે છે 'બાયડી ના હોય શેરની કે ના હોય ગામની. બાયડી હોય એના ધણીની.' અહીં પત્ની એ પુરૂષની મિલકત છે એવું સ્ત્રીઓએ માની લીધું છે અને સ્વીકારી પણ લીધું છે.

આ સંદર્ભે મારા પરણિત ઉત્તરદાતાઓ જણાવે છે કે ઉચ્ચશિક્ષણ, કારકિર્દી, નોકરી વગેરેમાં સૌથી વધુ સહકાર પતિનો મળે છે કેટલીક વખત વડિલોનો વિરોધ કરીને પણ અમારા વિકાસમાં સહકાર આપે છે એટલે કે સ્ત્રીને પોતાની મિલકત માનવાનું વલણ શિક્ષિત યુવાપેઢીમાં ઓછું જોવા મળે છે એને સ્થાને એક 'સપોર્ટ સિસ્ટમ' તરીકે પતિને યુવતીઓ જોવે છે. અહીં ફિલ્મનો આ સંવાદ ઉત્તરદાતાની વાતમાં સૂર પૂરાવે છે એમ કહી શકાય. 'અમુક ભાયડાઓને માવડી અસ્ત્રી જેવા કાળજા આપે અને એમાં જ દુનિયા ટકી જાય.'

શહેરી શિક્ષિત (સાત ધોરણ) યુવતી પિતૃસત્તાક વિચારસરણીને બરાબર સમજીને એમાંથી પોતાની જાતને કેવી રીતે ગોઠવવી એનો નિર્દેશ પ્રસ્તુત સંવાદમાં જોવા મળે છે.

"નિયમોય એમના ને રમતોય એમની, એના ભાગ નઈ બનવાનું. ભોગ બન્યા એટલું બહુ." અહીં 'ભાગ' અને 'ભોગ' બે શબ્દો સુચક છે. પિતૃસત્તાક સમાજમાં સ્ત્રીઓ સમાજનો એક હિસ્સો છે અને પુરૂષ નક્કી કરે છે કે સ્ત્રીએ કેમ જીવવું અને આ બાબત સ્ત્રીની ઈચ્છાનું કોઈ મહત્વ નથી રહેતું. પરંતુ એની ઈચ્છા તો આ પાંજરામાં પૂરાઈ રહેવાની નથી જ. અહીં 'Gender In quality' ની વાત રજૂ કરવામાં આવી છે.

ફિલ્મના એક દશ્યમાં માતૃહૃદયની સંવેદના રજૂ કરવામાં આવી છે જેમાં નાયિકા મંજરી અન્ય સ્ત્રી (જે થોડા સમયમાં માતા બનવાની છે) સાથે વાત કરે છે.

મંજરી - 'એ મારને લાત.'
અન્ય સ્ત્રી - 'એ તો એની મરજી હોય તો મારે'
મંજરી - 'એ મારી લાત... મારા મનની વાત જાણી લે છે, નક્કી છોડી જ હશે.'

અહીં સ્ત્રી-સ્ત્રી વચ્ચેના સંબંધો અને સ્ત્રીસહજ સંવેદનાની રજૂઆત છે. આ સંદર્ભમાં મારા સ્ત્રી ઉત્તરદાતાઓ જણાવે છે કે 'આજે પણ અમારા મનની વાત વગર કહે જો કોઈ પામી લેતું હોય તો તે અમારી માતા છે.'

https://www.gapbhasha.org/

ફિલ્મના એક દશ્યમાં ગામનો મુખી (મુખીબાપા) ભગલાને કહે છે 'મનમાં મૂંઝારો હોય તે બે સૂટ્ટા મારીએ તો મન હળવું થાય, બાડમેરવાળુ અફીણ લઈ આવજે.' અહીં ગામની મુખ્ય વ્યક્તિ વરસાદ નહિ આવવાને કારણે મૂંઝવણ અનુભવે છે અને વ્યસનનો સહારો લઈ પોતાની મૂંઝવણ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે આ જ ગામની સ્ત્રીઓ જે તદન ગુલામ જેવું જીવન જીવે છે એમની મૂંઝવણનું શું? એ પ્રશ્નાર્થ છે.

કચ્છનું ભરતકામ એ કચ્છી સંસ્કૃતિનું વૈશ્વિક કક્ષાએ પ્રતિબિંબ પાડે છે એટલે કે ભરતકામ, હસ્તકલા એ કચ્છી મહિલાઓની આગવી ઓળખ છે. પરંતુ અહીં મહિલાઓને ભરત-ગૂંથણની છૂટ નથી. ભરત-ગૂંથણ દ્વારા પૈસા ભેગા કરતી મૂળી નામની વિધવા સ્ત્રી અને તેની હત્યા સ્ત્રીઓના જીવન પર સીધી તરાપ છે એમ કહી શકાય. એ સંદર્ભનો સંવાદ જોઈએ તો "આપણે ત્યાં બેનો ભરતકામ નથી કરતી. બૈરાથી પૈસા ન કમાવાય, પૈસા કમાય તો બાયડી બજારમાં આવી કહેવાય." મહિલાઓના ભરત ભરેલા કાપડની ગામના પુરૂષો દ્વારા જે હોળી કરવામાં આવે છે એમાં સ્ત્રીઓની ગુલામી અવસ્થા વ્યક્ત છે. કદાચ આ પ્રકારના અત્યાચારોને કારણે ઉદ્દામવાદી નારીવાદ ઉદ્ભવ્યો એમ કહી શકાય. સમાજશાસ્ત્રીય સંદર્ભે જોઈએ તો કાર્લ માર્કસ જે વિમુખતાનો ખ્યાલ આપ્યો છે તેમાં વ્યક્તિને સર્જનનો આનંદ નથી મળતો અને એકધારું જીવન જીવવું પડે છે ત્યારે એ કુટુંબ, સમાજ અને પોતાની જાતથી પણ વિમુખ બની જાય છે.

ફિલ્મના  એક દશ્યમાં છેલ્લા ત્રણ વરસથી વરસાદ નથી પડ્યો અને આ વર્ષે વરસાદ પડે એ માટે અંબાજી માતાની પૂજા કરવામાં આવે છે અને એમને રીઝવવા પુરૂષો ગરબા રમે છે. સ્ત્રીઓને ગરબા રમવાની છૂટ નથી. આ સંદર્ભે અરજણ પોતાની પત્ની મંજરીને પૂછે છે 'તારા ગામમાં ગરબા રમતી નથી?' મંજરી 'હા' માં જવાબ આપે છે ત્યારે સામો જવાબ મળે છે 'અહીં ગરબા ના રમાય, નાતના નિયમ પેલા'. અહી રૂઢિચુસ્ત જ્ઞાતિવાદી માનસ વ્યક્ત થાય છે. આ સંદર્ભે સ્ત્રી ઉત્તરદાતાઓ જણાવે છે કે અમને ગરબા રમવાની છૂટ છે, પણ પોતાની સોસાયટીમાં અને બહાર જવું હોય તો ભાઈ કે પપ્પાની સાથે જ જવાનું. ૧૨ ઉત્તરદાતા જણાવે છે કે ગરબા રમી શકાય પણ રાસ રમવાની સખત મનાઈ છે. એટલે કે ૧૯૭૫ નો સમય અને આજનો સમય સ્ત્રીઓ પ્રત્યેના રૂઢિવાદી માનસમાં ખાસ ફેર પડ્યો નથી.

પુરૂષો હર્ષોલ્લાસથી ગરબા રમે છે એ સમયનું ગીત ફિલ્મની સ્ત્રીઓની મનોદશા વ્યક્ત્ કરે છે-

"તારા મનનું મનમાં રાખજે
તારા ઓરતા ચૂલે નાખજે
તારા પગના ઝાંઝર રોકજે
તારી કેડીયે બાવળ રોપજે
ને ચાવડી પાસે માંગજે ખાલી રાત...
સપના વિનાની આખી રાત"

એટલે સ્ત્રીને ક્યાંક વ્યક્ત થવાનું નથી, ગરબા તો ઠીક એના સપના પણ નથી જોવાનો, પોતે જ પોતાના ઝાંઝર (પુરૂષોની સત્તારૂપી બેડીઓ) પોતે જ રોકી રાખવાના છે અને માત્ર ખાલી અંધારી રાતની માતાજી પાસે માંગણી કરવાની છે.

ફિલ્મના આગળના દશ્યમાં બધી મહિલાઓ ગામથી દૂર પાણી ભરવા જાય છે ત્યાં રણ કોઈ અજાણ્યો વ્યક્તિ પાણી માટે કણસતો હોય છે પરંતુ પુરૂષોની બીક, જ્ઞાતિના રૂઢિચુસ્ત નિયમોને કારણે સ્ત્રીઓ એની મદદ કરતા ડરે છે. આ સમયે કેસર નાની યુવાન વિધવા સ્ત્રી જણાવે છે કે "કોઈ નઈ જાય તો હું પાણી પીવરાવીશ, પણ વિધવાના ચરીતર પણ આંગળી ચીંધવા કેટલાય ખડે પગ ઉભા છે." અહીં વિધવા સ્ત્રીનો સામાજિક બહિષ્કાર વ્યક્ત થાય છે.

ઢોલીને પાણી પીવડાવી તેનો જીવ મહિલાઓએ બચાવ્યો બદલામાં રોજ પાણી ભરવા જતા ત્યારે ઢોલી ઢોલ વગાડે છે અને બધી મહિલાઓ હર્ષથી ગરબે રમે છે અને રોજની દિનચર્યા બની જાય છે. એવામાં એક પ્રસૂતાને મરેલી દીકરી જન્મે છે અને બીજી મહિલાઓ માને છે કે "આપણા પાપ (ગરબા રમવા) ને લીધે એક જીવ ગયો, માવડીએ ઉમંગ કરવાનો પરવાનો નથી આપ્યો, નિયમ તોડ્યો છે તમે." અહીં પુરૂષોની સત્તા ધાર્મિક અધિકાર રૂપે સ્ત્રીઓના મનમાં ઘર કરી ગઈ છે અને તેઓ પોતે જ એવું માને છે કે આપણે માત્ર નિયમો જ અનુસરવાના.

ઢોલી મૂળજી એની પત્ની મંગળા અને દીકરી રેવાની કથા દ્વારા રૂઢિચુસ્ત જ્ઞાતિગત ગ્રામીણ માનસ અને જ્ઞાતિ આધારિત ઊંચનીચના ભેદભાવ વ્યક્ત થાય છે. મંગળા અને રેવાના હોળીની ફરતે ગરબા રમવા માત્રથી હોળી અભડાઈ ગઈ એવું માને છે અને ગુસ્સે થયેલા પુરૂષો મૂળજીનું ઝૂંપડું સળગાવી દે છે જેમાં એની પત્ની અને પુત્રીનું મૃત્યુ થાય છે. રણમાં એકલો રહેતો મૂળજી જ્યારે જવાની વાત કરે છે ત્યારે નાયિકા કહે છે "તમારા ઢોલના તાલે તાલી આપીએ એટલો વખત જીવતા છીએ એવું લાગે છે, બાકી તો મરેલા જ છીએ. ખારા પવનના સૂસવાટા ના કોઈ હેતનો હાથ કે ના કોઈની માયાળુ નજર... મરવાની વાંકે જીવવાનું નઈ છોડીએ."

https://www.gapbhasha.org/

અહીં ચોક્કસ જ્ઞાતિને કારણે ઢોલી મૂળજી અને 'સ્ત્રી' હોવાને કારણે ગામની મહિલાઓ સામાજિક બહિષ્કારનો ભોગ બને છે.

અહીં એક શિક્ષિત મહિલા જે પુરૂષોની માનસિકતા બરાબર ઓળખઈ ગઈ છે. તે નીડર બની પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે. મંજરીને એનો પતિ સરહદ પરથી ત્રણ મહિના માટે ઘરે આવવાનો છે એનો પત્ર મળે છે પરંતુ એનો એને કોઈ આનંદ નથી કારણ એ જાણે છે કે પતિ માટે તે માત્ર ભોગ-વિલાસનું સાધન છે. પ્રેમ-સંવેદના જેવું કંઈ નથી. વળી એણે એની ખુશી ગામની અન્ય સ્ત્રીઓના સાથ અને ગરબામાં શોધી લીધી છે. આમ, પિતૃસત્તાક રૂઢિચુસ્ત ગ્રામીણ સમાજમાં પતિ-પત્ની વચ્ચેના સામાજિક સંબંધોનું એક જુદું જ સ્વરૂપ વ્યક્ત થાય છે.

ગામની મહિલાઓ રોજ પાણી ભરવા જાય છે અને ગરબા રમે છે એ વાતનું રહસ્ય પણ એક મહિલા દ્વારા જ છતું થાય છે. જેમાં એક મહિલાના પિતા અને ભાઈનું વીજળી પડવાથી મૃત્યુ થાય છે. આ ઘટનાને એ 'મહિલા ગરબા રમવાને કારણે માતાજી ક્રોધે ભરાયા છે અને એની સજા આપી છે' એવું અર્થઘટન કરે છે. એટલે કે સ્ત્રીઓનું સામાજીકરણ એ રીતે થયું છે કે દરેક બાબતમાં એ પોતાનો દોષ પહેલો જોવે છે. ધાર્મિક અંધશ્રદ્ધાનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે. આ સંદર્ભમાં મહિલા ઉત્તરદાતા જણાવે છે કે તેઓ પણ માસિક ધર્મમાં હોય તો નવરાત્રિમાં ગરબા રમવા નથી જતા. તેમને કુટુંબમાંથી કોઈ નથી રોકતું પણ તેઓ પોતે જ ધાર્મિક કારણને લીધે ગરબા રમવા નથી જતા.

ફિલ્મના ક્લાઈમેક્સમાં જ્યારે ગામના પુરૂષોને મહિલાઓ પાણી ભરવા જાય છે અને ગરબે રમે છે એ વાતની ખબર પડે છે ત્યારે ઢોલી મૂળજી અને તમામ સ્ત્રીઓ સાથે જે વ્યવહાર કરવામાં આવે છે તે રૂઢિચુસ્ત જ્ઞાતિપંચ, પુરૂષોની અસીમિત સત્તાનું સૂચન કરે છે.

"પેલા એના હાથ કાપો, આજ હાથથી આપણા બૈરાઓને નચાવ્યા છે એણે... એના પાપની સજા મોત જ છે અને એને મશે. આરતી ટાણે એની બલિ ચડશે."

અહીં માત્ર ઢોલ વગાડવાના કારણે, કહેવાતા જ્ઞાતિના નિયમ તોડવાને લીધે મોતની સજા કરવામાં આવે છે. ઢોલીની મૃત્યુ પહેલાની છેલ્લી ઈચ્છા પૂછવામાં આવે છે ત્યારે એનો જવાબ સામાજિક બહિષ્કાર પ્રત્યેનો વિરોધ વ્યક્ત કરે છે. એ જ રીતે ગરબા રમવાના બદલામાં સ્ત્રીઓને પુરૂષો દ્વારા જે ઢોર માર મારવામાં આવે છે એ સ્ત્રીઓની ગુલામી અવસ્થાનું સૂચન કરે છે. પરંતુ સામે સ્ત્રીઓ પણ ઢોલના અવાજની સાથે જ ભૂંગામાંથી બહાર નીકળી ગરબા રમવાનું શરૂ કરે છે અને વરસાદ પણ વરસે છે એટલે કે સ્ત્રીમુક્તિને ઈશ્વર પણ આવકારે છે. ફિલ્મનું છેલ્લું ગીત નારીવાદી વિચારસરણીને વ્યક્ત કરે છે.

મારા હૈયાનાં ઝાડવાની ઠેકી મેં વાડ
ઠેક્યા તે દીધેલા ઊંચેરા પ્હાડ
ઠેકી મેં ઠોકરને ઠેકી મેં ઢીક
ઠેકી તે દીધેલી ઊંડેરી બીક
મારા હૈયાના...
ઠેકી-ઠેકીને હવે પહોંચી છું
ઠેઠ... મારા હૈયાનાં છાંયડાની હેઠ
હવે મારી ઝાંઝરીને બોલવાની છૂટ
"મારા હૈયાના ઝાડવાની ટેઠ
ઠેક્યાં મેં થોરીયા ને ઠેકી મેં વાડ
ઠેક્યા તે દીધેલા ઊંચેરા પ્હાડ
ઠેકી મેં ઠોરકને ઠેકી મેં ઢીક
ઠેકી તે દિધેલી ઊંચેરી બીક
મારા હૈયાનાં ઝાડવાની હેઠ
ઠેકી-ઠેકીને હવે પહોંચી છું ઠેઠ,
મારા હૈયાનાં છાંયડાની હેઠ
હવે મારી ઝાંઝરીને બોલવાની છૂટ."

પિતૃસત્તાક સમાજ રૂઢિચુસ્ત ગ્રામીણ માનસને કારણે સ્ત્રીઓ એ જે અત્યાચાર સહન કર્યો છે તેની સામેનો આ વિરોધ છે. સ્ત્રી પોતે પોતાના મનની વાત સાંભળતી થઈ છે. પોતે કોઈનાં હાથની કઠપૂતળી નહિ પણ એક જીવતી જાગતી વ્યક્તિ છે એ વાત સ્ત્રીએ પોતે સ્વીકારી છે અને પુરૂષોને પણ નીડરતાથી જણાવી છે. આ સંદર્ભમાં મારા સ્ત્રી અને પુરૂષ બન્ને ઉત્તરદાતા જણાવે છે કે

https://www.gapbhasha.org/

સ્ત્રીઓએ અત્યાચારનો વિરોધ કરવો જ જોઈએ. મહિલા ઉત્તરદાતાના મતે તેઓ પણ કુટુંબ, સમાજ, બાળકો વગેરેને કારણે અમુક હદ સુધી સહન કરી લે છે પરંતુ એ હદ પછી તેઓ ચોક્કસ વિરોધ કરે છે અને એ પછીની દરેક પરિસ્થિતિને પહોંચી વળવા પણ તૈયાર હોય છે.

## ❖ ઉપસંહાર :

આમ 'હેલ્લારો' ભલે ૧૯૭૫ ની કચ્છી ગ્રામીણ સંસ્કૃતિ અને સ્ત્રીઓના દરજ્જા સાથે સંકળાયેલી ફિલ્મ છે પરંતુ પિતૃસત્તાક સમાજ, જ્ઞાતિપંચ, જ્ઞાતિ આધારિત સામાજિક બહિષ્કાર, મહિલાઓની સામૂહિક સભાનતા, શિક્ષણ અને સ્ત્રીનો સામાજિક દરજ્જો, ઉદારમતવાદી અને ઉદ્દામવાદી નારીવાદ વગેરે સમાજશાસ્ત્રીય ખ્યાલોને વ્યક્ત કરે છે. સાથે-સાથે વર્તમાન મહિલાઓના દરજ્જા સાથે પણ થોડા પરિવર્તનો સાથે સંકળાયેલી છે. તેથી કહી શકાય કે ફિલ્મની સામાજિક પ્રસ્તુતતા તો છે જ ઉપરાંત સમાજશાસ્ત્રીય ખ્યાલો દશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા સમજાવવા માટે પણ ઉપયોગી છે.

## ❖ સંદર્ભ સૂચિ :

- જોષી વિદ્યુત, સાહિત્ય અને સમાજ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ
- દેસાઈ અક્ષયકુમાર, દેસાઈ નીરા, કલાનું સમાજશાસ્ત્ર, આર. આર. શેઠની કંપની, અમદાવાદ
- Dewey, John. 1934, Arts as Experience, New York : Minton Balach and Co.
- Mukerjee, R. K. 1964, The Destiny of Civilization. Bombay : Asia Publishing House.
- Adolfo Sanchez. 1993, Art and Society – Essays in Marxist aesthetics. New York and London, Monthly Review Press.

https://www.gapbhasha.org/